ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2174/02/2024** **તા.06-02-2024**

## તારીખ 7 ફેબ્રુઆરી શ્રી રમાબાઇ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે 41 સ્થળે અનુસુચિત જાતી મોરચા અને ડોકટર સેલ દ્વારા "મહિલા મેડિકલ કેમ્પ"નું આયોજન મહિલા તબીબો દ્વારા કરવામાં આવશે.

----

## કેમ્પમાં જનરલ તપાસ, સુગર તપાસ, ઇકો કાર્ડિયોગ્રાફી,મેમોગ્રાફી, આંખ, ગાયનેક સહિતના રોગોની તપાસ તેમજ નિદાન ફ્રી માં કરવામાં આવશે. – શ્રી ડો. ધર્મેન્દ્રભાઇ ગજ્જર

----

## મહિલા મેડિકલ કેમ્પમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અમદાવાદ, સંગઠનમહામંત્રીશ્રી રત્નાકરજી રાજકોટ અને પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેશે.

----

ભારતીય જનતા પાર્ટી મેડિકેલ સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટી હરહમેંશ સેવાકીય પ્રવૃતી થકી જનતા જનાર્દન સાથે જોડાયેલી છે ત્યારે મજબૂત સંગઠન શક્તિ ધરાવતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના માર્ગદર્શનમાં તારીખ 7 ફેબ્રુઆરી ડો.બાબા સાહેબ આંબેડકરજીના ધર્મપત્ની શ્રી રમાબાઇ આંબેડકરજીની જન્મજયંતિ નિમિત્તે મહિલા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ અનુસુચિત જાતિ મોરચો અને ડોકટર સેલના સંયુક્ત પ્રયત્નથી 33 જિલ્લા અને 8

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


મહાનગર ખાતે મહિલા મેડિકલ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ પ્રિતમપુરા શાળા નંબર 3,4 ખાતે તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી રાજકોટ ખાતે શિવરત્ન એપાર્ટમેન્ટ,રામ મંદિર વાળી શેરી ખાતે અને પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ નેહા નર્સિંગ હોમ,સેકટર-22 ખાતે ઉપસ્થિત રહેશે.

શ્રી ધર્મેન્દ્રભાઇ ગજ્જર અને ગૌતમ ગેડિયાએ જણાવ્યું કે, મેડિકલ કેમ્પમાં વિવિધ વિભાગના આશરે 1200 જેટલા નિષ્ણાંત મહિલા તબીબો સેવા આપશે. આ મેડિકલ કેમ્પમાં જનરલ તપાસ,સુગર તપાસ,ઇકો કાર્ડિયોગ્રાફી,મેમોગ્રાફી, આંખ,ગાયનેક સહિતના રોગોની તપાસ અને નિદાન ફ્રીમાં કરવામાં આવશે. કેમ્પમાં સગર્ભા મહિલાઆનો ચણા,ગોળ,ખજૂર આપવામાં આવશે. આ કેમ્પ તારીખ 7 ના રોજ બપોરે 1 થી 5 વાગ્યા સુધી લાભ લઇ શકાશે. આ કેમ્પનો લાભ વધુમાં વધુ મહિલાઓ લે તેવી વિનંતી.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)